## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**પાપાને આટલી મોંઘી સ્કૂલની ફી ભરતા જોઈને એવું થાય છે કે... ભણાવવાનું છોડી... સન્યાસ લઈ લઊં...!!**

# સે-૨૪ ખાતેના સર્વ રોગ નિદાન કેમ્પને પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગરના સેકટર-૨૪માં મુખ્ય શોપીંગ સેન્ટરમાં અંબાજી મંદિર ખાતે હેપ્પી યુથ કલબ દ્વારા સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પને નાગરિકોનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો. અને કુલ ૧૫૪ દર્દીઓની નિષ્ણાત તબીબો દ્વારા તપાસ-નિદાન કરી જરૂરિયાત મુજબની દવાઓ પણ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી.



હેપ્પી યુથ કલબ આયોજિત આયુર્વેદિક નિદાન કેમ્પમાં સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાત તબીબો ડૉ. ધરા જાધવ અને ડૉ. મહેશ પરમારે દર્દીઓને તપાસી જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કેમ્પના આયોજન માટે અંબાજી મંદિરના સંચાલકોનો સહકાર સાંપડયો હતો. ગાંધીનગર મનપાના વોર્ડ નં. ૧ના કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તથા વોર્ડ નં. ૨ના કોર્પોરેટર અંકિત બારોટ ઉપરાંત સ્થાનિક અગ્રણી પંકજ શુકલ સહિત અગ્રણીઓએ પણ મુલાકાત લીધી હતી. કેમ્પમાં વિષ્ણુભાઈ મિસ્ત્રી, દરજીકાકા તથા મંદિરના પુજારી સંજયભાઈ જોષી વગેરે નાગરિકોનો સહકાર પ્રાપ્ત થયો હતો. કેમ્પના સફળ આયોજન માટે હેપ્પી યુથ કલબના પ્રોજેકટ કોઓર્ડીનેટર તથા યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા તથા નિશિથ ખાખી સહિત સભ્યોએ જહેમત ઉઠાવી હતી. કેમ્પનો બાળકોથી માંડીને વયોવૃધ્ધ વડીલો સહિત તમામ ઉંમરના પુરુષ-મહિલા દર્દીઓએ લાભ લીધો હતો.

# ઓઈલનો શંકાસ્પદ જથ્થો લઈને જતો ટેન્કર ચાલક પકડાયો

## એસઓજીની ટીમે સાંતેજ નજીક સેફડા ચોકડીથી ટેન્કર સાથે ડ્રાઈવરને પકડી રૂ. ૬.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાએ તેમની ટીમને ઓઈલ ચોરીના રેકેટ પકડવા બાતમીદારો સક્રિય કરવા સુચના આપી છે. જે અનુસંધાને ગઈ કાલે સાંતેજ નજીક સેફડા સર્કલ પાસેથી બાતમીને આધારે શંકાસ્પદ ઓઈલની હેરાફેરી કરતા ડ્રાઈવરને ટેન્કર સાથે પકડી પાડયો હતો. રૂ. ૬.૯૨ લાખના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી ઓઈલ કયાંથી લાવ્યો અને બિલીંગ સહિતની વિગતો મેળવવા તજવીજ શરુ કરી છે.



એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાની ટીમના પીએસઆઈ ડી.ડી. પરમાર અને એલ.એસ. ચૌધરી તેમના માણસો સાથે સાંતેજ પોલિસ સ્ટેશન વિસ્તારમાં ગઈ કાલે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ભીમાસણ ગામે એરફોર્સ સ્ટેશન નજીક પહોંચ્યા ત્યારે કોન્સ્ટેબલ પ્રદિપસિંહને બાતમી મળી હતી કે એક ટેન્કર નં. જીજે ૦૧ વી ૩૭૬૩નું સેફડા ચોકડી તરફથી શંકાસ્પદ ઓઈલ ભરીને આવનાર છે તેને આધારે વૉચ ગોઠવીને ટેન્કર રોકી મુળ રાજસ્થાનના અને હાલ અમદાવાદ રહેતા ડ્રાઈવર સુરેન્દ્ર રામતુપ વણઝારાને પકડી પાડવામાં આવ્યો હતો. ટેન્કરમાં તપાસ કરતા ઓઈલનો જથ્થો ભરેલો હતો. કયાંથી લાવ્યો તે બાબતે પુછતા પોતાને ખબર નહીં હોવાનું જણાવ્યું હતું. બીલીંગ બાબતે પુછતાછ કરતા શંકાસ્પદ બીલ્ટી બતાવી હતી. ટેન્કરને ફરતે અગ્નિશામક યંત્રો પણ ન હતાં. અને ટેન્કરની ટાંકીના ત્રણેય મુખ્ય ઢાંકણાથી બંધ કરેલા હતા તેની ઉપર કોઈ કંપનીનું સીલ મારેલું ન હતું. ટેન્કરમાં ભરેલું ઓઈલ ચોરીનું અથવા છળકપટથી મેળવેલું હોવાનું જણાતા ૮૦૦૦ લીટર ઓઈલ, એક મોબાઈલ અને ટેન્કર મળી કુલ રૂ. ૬,૯૨,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ડ્રાઈવરની ધરપકડ કરી લઈ ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે.

# કચ્છ મિત્ર મંડળનો નૂતનવર્ષ સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગરના કચ્છ મિત્ર મંડળ દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભનું તા. ૨૫મી જુનના રોજ સે-૨૩ના બ્રહ્માણી કૃપા હોલ ખાતે સાંજે ૪ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અષાઢી બીજના દિવસે કચ્છી નૂતન વર્ષનો પ્રારંભ થાય છે. કચ્છ મિત્ર મંડળ સ્નેહ મિલન સમારંભમાં સભ્ય પરિવારોના બાળકોનું સન્માન કરવાનું હોઈ તમામ સભ્યોને તેમના બાળકોની માર્કશીટ સાથે લાવવા જણાઅવાયું છે. આ સમારંભ માટે કોઈ પણ પ્રકારની વિગત જાણવા માંગતા સભ્યોને મોબાઈલ નંબર ૯૪૨૭૮ ૦૧૪૦૩, ૯૮૨૫૦૯૮૮૯૬, ૯૪૨૮૦ ૪૯૦૦૯ અથવા ૯૮૨૫૦ ૨૯૩૪૦ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અડાલજ ખાતે તાલુકાની શાળાના આચાર્યોનો સેમિનાર

ગાંધીનગર, તા.૧૮

રાજય સરકારે મેલેરિયા મુક્ત ગુજરાત – ૨૦૨૨નું અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત મેલેરિયાના રોગના ફેલાવા પર સંપૂર્ણ પણે અંકુશ મેળવવા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત આજ રોજ ગાંધીનગર તાલુકાના અડાલજ ગામ ખાતે ગાંધીનગર તાલુકાના વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓને મેલેરિયા રોગ અંગેની વિસ્તૃત માહિતી આપવા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.



મેલેરિયા જાગૃતિ અંગેના સેમિનારને ખુલ્લો મુકીને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈએ જણાવ્યું હતું કે, શાળાના બાળકો પોતાના મા-બાપ અને ઘરના વડીલો કરતાં શાળાના શિક્ષક અને આચાર્યની વાત વધુ માને છે. તેમજ શાળાના શિક્ષિકો અને આચાર્યમાં બાળકો સાથે કોમ્યુનિકેશન કરવાની અલગ કળા હોય છે. જેથી શિક્ષકો થકી બાળકોને મેલેરિયા રોગ અંગેની માહિતી યોગ્ય રીતે આપવામાં આવે તો અનેક ઘરોના સભ્યો મેલેરિયાના રોગનો ભોગ બનતાં બચાવી શકાશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, દરેક શાળામાં મેલેરિયા નાબુદી ટીમની રચના કરવી જોઈએ. જેમાં ધોરણ-૭ અને ૮ના ૪ વિદ્યાર્થીઓ અને એક શિક્ષક મળી કુલ-૫ સભ્યોની ટીમ બનાવવી જોઈએ. આ ટીમ દર અઠવાડિયામાં એક વખત શાળા સંકુલની આસપાસમાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ રહે તેવા સ્થળની મુલાકાત લઈ ત્યાં મેલેરિયાના મચ્છર પેદા કરે તેવા પોરા તો નથી તેની ચકાસણી કરે. તેમજ શાળાના કોઈ વિદ્યાર્થીને તાવ આવે તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં તેની જાણ કરે. જેવી અનેક ટીમને કરવાની કામગીરીથી માહિતગાર કર્યા હતા.

આ સેમિનારમાં મેલેરિયા અધિકારીશ્રી મમતા દતાણી, અડાલજ ગામના સરપંચ, સી.પી.ઓ સહિત મોટી સંખ્યામાં શાળાના આચાર્યઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સેક્ટર-૩ અને ૫ માં આંગણવાડી માટે માંગ

ગાંધીનગરની શાળાઓ તથા આંગણવાડીઓમાં શાળા-પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. જો કે શહેરના સેક્ટર-૩ અને સેક્ટર-૫ માં આંગણવાડી ના હોવાથી આ વિસ્તારના વાલીઓ પોતાના ભૂલકાંઓ માટે ચિંતિત બન્યાં છે. આ સેક્ટરના મધ્યમ તથા નિમ્ન મધ્યમ વર્ગીય પરિવારોને ના છૂટકે પોતાના બાળકોને ખાનગી નર્સરી સ્કૂલોમાં મોંઘી ફી ભરીને બાળકો મોકલવા પડી રહ્યાં છે. સામાન્ય રીતે બાળક પાંચ વર્ષની ઉંમરથી પ્રાથમિક શાળાના અભ્યાસનો પ્રારંભ કરે છે પરંતુ તે પહેલા નાના ભૂલકાંઓને તેમના મા-બાપ પરિવારની માયાથી છુટું કરી શાળાએ જતુ કરવાની ભૂમિકા બાંધવામાં આંગણવાડી અગત્યનો ભાગ ભજવે છે. વળી આંગણવાડીમાં બાળક અનેક પ્રકારનું પાયાનું જ્ઞાન મેળવે છે અને પોતાની ચીજવસ્તુઓની જાળવણી કે સામાજિક જીવનમાં વપરાતા સાધનોની ઓળખ જેવી અનેક આવડતો પણ શીખે છે. આ કારણે આંગણવાડીનું શિક્ષણ બાળકોના જીવનમાં ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે. જો કે સેક્ટર-૩ અને સેક્ટર-૫માં આંગણવાડીની જ સુવિધા ના હોવાથી આ વિસ્તારના બાળકોને દૂરની આંગણવાડીમાં જવુ પડે છે અથવા મા-બાપને ખાનગી નર્સરી સ્કૂલનો બોજ ઉઠાવવો પડે છે. ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગના બાળકો દૂરની આંગણવાડીમાં જવાને કારણે કાચી ઉંમરમાં વધુ થાકી જવાનો ભોગ બની રહ્યાં છે. વાલીઓની આ અગવડતા જોઈ આ વિસ્તારના વોર્ડ નં. ૭ના સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્માએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરીને સત્વરે આ વિસ્તારમાં આંગણવાડીની સુવિધા પુરી પાડવા માંગ કરી છે.



## વાસણ વિદ્યામંદિરમાં ટીબી જાગૃતિ કાર્યક્રમ

ગાંધીનગર જિલ્લા આરોગ્ય કેન્દ્ર દ્વારા વાસણ ગામની શાળામાં ટીબી જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા ક્ષય કેન્દ્રના કર્મચારીઓએ બાળકોને ક્ષય રોગ અંગે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮૦થી વધુ બાળકોની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, ડીપીસી ચેતન ચૌહાણ, એસટીએલએસ પરાગ શાહ, એસટીએસ આનંદ પટેલ ઉપરાંત વાસણ આરોગ્ય કાર્યકર ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમના અંતે બાળકોએ 'મારૂ ગુજરાત-ટીબી મુક્ત ગુજરાત' તથા 'મારૂ ગામ-ટીબી મુક્ત ગામ' જેવા સૂત્રો પોકાર્યા હતા.

# સોશ્યલ મિડીયાની 'વ્યાસપીઠ' પર કોઈ પોલિટીશ્યન કે ટેકનોક્રેટ નહીં, ચિંતક બેઠાં છે

"પ્રારબ્ધ માટે એવું કહેવાય છે કે -
અરે ! પ્રારબ્ધ તો ઘેલું, રહે છે દૂર માગે તો,
ના માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે !
જીવનમાં સુખી થવું હોય તો પુરુષાર્થ જોઈશે
પણ નિજાનંદની મસ્તીમાં મસ્ત રહેવા
જેવું સુખ બીજું એકેય નથીપ"

"જિંદગી મજાની છે. હસતા રહો, હસાવતા રહો અને એની મજા લેતા લેતા ખૂશખૂશાલ બનીને જીવતા રહો. કવિ ભાનુશંકર વ્યાસ "બાદરાયણ" બહુ સ્પષ્ટ સલાહ આપે છે કે, જે સમય વહી જાય છે એ પાછો આવતો નથી. સમયની એકે એક ક્ષણ અગત્યની છે અને હસવું તેમજ હસાવવું એ જ જિંદગી છેપ"

જયનારાયણ વ્યાસ- એક એવી પ્રતિભા છે કે જે ઓલ રાઉન્ડર છે.

## એન્જીનિયર નહીં બેઝિક સાયન્સ ભણી પ્રોફેસર બનો, દેશને તેની ખૂબ જરૂર છે

ભાજપમાં સૌથી વધુ અભ્યાસી એવા આ બ્રાહ્મણ વ્યક્તિ પોલિટીશ્યન ઓછા બ્યુરોક્રેટ વધુ છે. સોશ્યલ નેટવર્ક ફેસબુક અને યુ-ટ્યુબમાં પ્રવચનો મૂકીને હજારો ફ્રેન્ડ્સ બનાવનારા જયનારાયણ વ્યાસ મહાભારતના પાત્રોમાંથી મિત્રતા શોધીને એક અવિસ્મરણિય ગ્રંથ બનાવે છે. તેઓ તેમની બાયોગ્રાફી પણ લખે છે. બચપન થી પચપન અને અત્યાર સુધીની જીવન સફર તેમણે તેમાં વણી લીધી છે. તેમણે તેમની ઉંમર કરતાં વધુ એટલે કે ૮૯ વિડીયો સોશ્યલ સાઈટ્સ પર મૂક્યા છે. સોશ્યલ મિડીયામાં તેમણે તેમનું ટૂંકુ નામ જેએનવી રાખ્યું છે. આ મહાનુભાવ સાથે થયેલા કેટલાક ટેલિફોનિક સંવાદનો નિચોડ કંઈક આવો છે...

**કોઇ વિષય એવો નથી કે જે તેમને પચ્યો નથી...**

દેશની કે વિશ્વનું અર્થશાસ્ત્ર, ઉદ્યોગ, વાણિજ્ય, ખેતીવાડી, પ્રોજેક્ટ નિર્માણ, આરોગ્ય ઉપરાંત સમાજમાં જેટલા વિષયો છે તે બધાં વિષયો પર કલાકો સુધી પ્રવચન કરી શકે છે. હવે ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેઓ તેમનું જ્ઞાન લોકોને પિરસી રહ્યાં છે. હંમેશા નિજાનંદમાં રહેતા જયનારાયણ વ્યાસને હવે સોશ્યલ ફ્રેન્ડ્સ વ્યાસજીના હુલામણા નામથી બોલાવે છે. દર શુક્રવારે તેઓ ફેસબુક પર લાઈવ પ્રસારણ કરે છે. કરન્ટ ટોપિક એ તેમનો રસનો વિષય છે. ખેડૂતો કે બાળકોને ડીપ્રેશન હોય તો જયનારાયણ વ્યાસનો તેમણે અવશ્ય સંપર્ક કરવો જોઈએ. સરકારમાં કેબિનેટ મંત્રી હતા ત્યારે તેમણે તેમની ઓફિસમાં એક એવી સિસ્ટમ ગોઠવી હતી કે અરજદાર કે ફરિયાદીને તેનું સોલ્યુશન ટાઈમ પ્રમાણે મળી જતું હતું. કોઈ કામ લઈને આવેલા મુલાકાતીને ખબર પડતી કે તેનું કામ આટલા સમયમાં પૂર્ણ થઈ જશે અને તે પણ કારણ સાથે. આ સિસ્ટમને તેઓ ઓપીડી કહેતા હતા.

**ધંધો કરવો છે તો ભજીયાની લારી કરો...**



જયનારાયણ વ્યાસ ગુજરાત સરકારમાં કેબિનેટ મિનિસ્ટર હતા ત્યારે તેમને કોઈ પત્રકારે એવું પૂછ્યું કે- સાહેબ હવે જર્નાલિઝમ કરવું નથી, મને કોઈ એવો વ્યવસાય બતાવો કે મારી આમદાની આ ફિલ્ડ કરતાં વધી શકે. તેમણે પત્રકાર મિત્રને કહ્યું કે ભજીયાની લારી ખોલી નાંખો... એ પત્રકાર હસ્યા અને કહ્યું સાહેબ એવા દિવસો આવ્યા નથી હજી... તેમણે તુરત જ કહ્યું- મિત્ર- બજારમાં ૨૫ જાતના ભજીયાં મળે છે. હું માત્ર મેથીના ભજીયાની વાત કરતો નથી. ગુજરાતી લોકોને નવું નવું ટેસ્ટ કરવાની ઈચ્છા હોય છે. બધાં શાકભાજીના ભજીયા બનાવો અને ખૂબ કમાઓ.. આ એક એવો વ્યવસાય છે કે જેનાથી તમે એક વર્ષમાં મર્સિડીઝ જેવી ગાડી ફેરવતા હશો... આવી સલાહ બીજું કોઈ આપી શકે નહીં...

**મહાભારત અને મૈત્રી- એક નવું અચરજ...**




વ્યાસજી ફેસબુક પર પોતાની બાયોગ્રાફી લખી રહ્યાં છે. તેમણે તેમના જીવનના ૨૦૦ એપિસોડ તૈયાર કર્યા છે. તેઓ મહાભારત અને મૈત્રીનો અભ્યાસ કરી શ્રીકૃષ્ણ-અર્જુન, દુર્યોધન-કર્ણ શ્રીકૃષ્ણ અને સુદામા અને શ્રીકૃષ્ણ-દ્રૌપદી જેવા વિવિધ પાત્રો વચ્ચેની મૈત્રી કેવી હોય છે તેનું નિરૂપણ કરી રહ્યાં છે. નવું કરવીની તેમની તમન્ના રાજકારણમાં પણ હતી અને સમાજ જીવનમાં પણ છે. તેમનું સાકેત હાઉસ હવે માત્ર ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેક્ટ્સ બનાવતું નથી પરંતુ સોશ્યલ મિડીયાનો એક ખજાનો બની ગયું છે. તેમણે સાકેતને સ્ટુડિયોમાં પરાવર્તિત કરી દીધું છે. વ્યાસજીની ગાદીમાં મહાભારત અત્યારે ટોચપર છે. મિત્રતા કોને કહેવાય અને મહાભારતમાં કોની કેવી મિત્રતા હતી તેનું અદ્દભૂત નિરૂપણ તેઓ કરી રહ્યાં છે.

**વ્યવસાય કરવો છે તો ભજીયાની લારી કરો, એક વર્ષમાં મર્સિડીઝ તમારી હશે**

**ગાંધીયન થોટ પર પણ એપિસોડ...**

વ્યાસજીએ ગાંધીજીના જીવનચરિત્ર્ય પર પણ કેટલાક થોટ્સ વૈશ્નવ જન તો... સાથે સોશ્યલ સાઈટ્સ પર મૂક્યાં છે. તેઓ કહે છે કે ગાંધીજીના ૧૧ વ્રત હતા જે પૈકી માત્ર નવ વ્રત ગ્રહણ કરે તેનો બેડો પાર થઈ જાય છે. સ્ટ્રેસ મેનેજમેન્ટ પર ગાંધીજીની પ્રાર્થના ખૂબ અસર કરી જાય છે. અંગ્રેજીમાં ૧૫ મિનિટની તેમણે ફિલ્મ બનાવી છે. તેમણે ભગવાન ગણેશજીના પાત્ર પર પણ બાવન એપિસોડ બનાવ્યા છે. જયનારાયણ વ્યાસ મિનિસ્ટર હોય કે ના હોય, કોઈ વ્યક્તિ આરોગ્ય માટે ડોક્ટરનું સજેશન માગે તો તે દર્દીને સસ્તા દરે ઉત્તમ સારવાર મળે છે. તેમણે ૨૦૦૦ લોકોને આરોગ્યની એવી સારવાર અપાવી છે કે જેમાં દર્દીઓના સગાસબંધીઓને ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ ગયો છે. આ ભાવના અત્યારના મિનિસ્ટરમાં જોવા મળતી નથી.

**વ્યાસજી, તમારી તોલે કોઇ ના આવે...**

વ્યાસજી પોતે એક આખો એનસાઈક્લોપિડીયા છે. ભારતની આઝાદીના વર્ષમાં એટલે કે ૧૪મી એપ્રિલ ૧૯૪૭માં જન્મેલા જયનારાયણ વ્યાસનું બચપન પણ મસ્તીથી ભરેલું રહ્યું છે. નવનિર્માણ આંદોલનના તેઓ સાક્ષી છે. સિદ્ધપુર તેમનો મતવિસ્તાર છે. તેઓ ૨૦૦૭-૨૦૧૨માં ધારાસભ્ય બન્યા પછી આરોગ્ય પ્રધાન તરીકે સેવાઓ આપી ચૂક્યાં છે. તેઓ જળનિષ્ણાંત છે તેથી તેઓ સરદાર સરોવર યોજનામાં ચેરમેન તરીકે રહી ચૂક્યાં છે. તેઓએ ચાર ટર્મ- ૧૯૯૦-૯૫. ૧૯૯૫-૯૮, ૧૯૯૮-૨૦૦૨, ૨૦૦૭-૨૦૧૨ સુધી ધારાસભ્યપદે રહી ચૂક્યાં છે. ૨૦૦૨ અને ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં તેમનો પરાજ્ય થયો હતો. જયનારાયણ વ્યાસે માસ્ટર ઓફ ટેકનોલોજી કર્યુ છે. આઈઆઈટી મુંબઈથી તેઓ સિવિલ એન્જીનિયર થયેલા છે. માર્કેટીંગ મેનેજમેન્ટ કર્યુ છે. તેમની પાસે કાયદાની પણ ડીગ્રી છે. તેમણે તેમની કારકિર્દીમાં અનેક પુસ્તકો પણ લખ્યા છે. ઈન્ડસ્ટ્રીયલ પોલિસી, એનઆરઆઈ ઈન્વેસ્ટમેન્ટ, ફોરેન કોલબ્રેશન્સ, સ્ટોક્સ, ફાયનાન્સ, વોટર મેનેજમેન્ટ, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ પોલિસીઝ અને સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ જેવા વિષયોનો સમાવેશ થાય છે.

**જીવનની પ્રત્યેક ક્ષણને ફરીથી તાજી કરી...**

જયનારાયણ વ્યાસ તેમની ઓટોબાયોગ્રાફી લખી રહ્યાં છે તેમાં તેમણે જીવનના ચાર પાર્ટ પાડ્યા છે. સાતમા વર્ષ થી સિત્તેરમા વર્ષ સુધીની તેમની કારકિર્દી તેમાં આવરી લીધી છે. તેમના રાજકીય જીવનની સફર અંગે પણ તેઓ ઘણાં સ્ફોટક, ઘણાં રસપ્રદ તેમજ અનુકરણિય ચેપ્ટર લખી રહ્યાં છે. હાલ તેમનું બચપન આપણને ફેસબુકના તેમના પ્રત્યેક એપિસોડમાં જોવા મળે છે. સ્કૂલ અને કોલેજ કાળની મસ્તીના એ દિવસો વાગોળતાં તેઓના આંખના ખૂણાં ભીના થઈ જાય છે. તેમની બાયોગ્રાફીનો પહેલો એપિસોડ ૨૦૧૮માં પ્રકાશિત કરશે. પછી ક્રમશ તેઓ જીવનના બધાં એપિસોડ લોકો માટે ખુલ્લા મૂકશે. વ્યાસજીની ખાસિયત એ છે કે કોઈ એવો સવાલ નથી કે તેમની પાસે તેનો પૂરો ઉત્તર ન હોય..કોઈ એવી સમસ્યા નથી કે તેમની પાસે તેનો ઉકેલ ન હોય..

## મહાભારત અને મિત્રતા- એક નવો અધ્યાય જયનારાયણ વ્યાસે શરૂ કર્યો છે

રાજકારણથી વિશેષ તેઓ પાસે અનુભવનું ભાથું છે જેનો લાભ તેઓ હજારો લોકોને સોશ્યલ માધ્યમ થકી આપી રહ્યાં છે. મનસાગરના મોતી એ તેમના ફેસબુક એપિસોડનું નામ છે. હાલ તેઓ ભાજપમાં ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીના મેનિફેસ્ટોનું કામ કરી રહ્યાં છે.

**એન્જીનિયર કેમ?, પ્રોફેસર ના થવાય...**

એજ્યુકેશન પર તેમનું પ્રભુત્વ સારૂં છે. બાળકોને સાચી દિશા બતાવે છે. એક તબક્કે તેઓ માનતા હતા કે આજે ઈજનેરી કોલેજોનું ભૂત બાળકોને લાગ્યું છે ત્યારે આપણે ઉલટી દિશામાં પ્રયાસ કરવા જોઈએ. તેઓ કહેતા હતા કે આપણી બેઝિક કોલેજ આટ્ર્સ, સાયન્સ અને કોમર્સ છે. અત્યારે એન્જીનિયર બનવાની ઘેલછામાં આપણે આપણી બેઝિક અભ્યાસ પદ્ધતિ ખોઈ નાંખી છે પરિણામે આપણને કોલેજોનું સંચાલન કરવા માટે અનુભવસિદ્ધ પ્રોફેસરો મળતા નથી. બાળકોએ ધોરણ-૧૨ પછી બીએસસી, એમએસસી, બીકોમ, એમકોમ, બીએ, એમએ પછી પીએચડી કરવું જોઈએ કે જેથી આપણને ઉત્તમ કોલેજોમાં ફેકલ્ટી મળી રહે. જો આમ ન થયું તો એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ્સને ચલાવવા માટે આપણને પુરતા પ્રોફેસરો નહીં મળે. તેઓ કહે છે કે- "આજે મને કોઈ ફરી પસંદગી કરવાની તક આપે તો હું જરાય હિચકિચાટ વગર આટ્ર્સ એટલે કે વિનયન વિદ્યાશાખામાં જઉં. મસ્તીથી મારા શોખના વિષયો ભણું." તેઓ અફસોસ કરતાં કહે છે કે- "આપણી સંસ્કૃતિની પાયાની ભાષા દેવોની ભાષા સંસ્કૃતમાં હું આગળ ન ભણી શક્યો. આજે પણ મને એનો અફસોસ છે. મારૂં એ અસ્તર કાચું છે."